Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર • કીડની • કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો • લીવર • ગેસ્ટ્રો • ગાયનેક-ઈન્ફર્ટિલિટી •
ઈમરજન્સી • લાઈફ સેવિંગ • આઈસીયુ • રૂમેટોજલોજી • ઓર્થો •
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale | Retail | Export | Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY • CHEMOTHERAPHY
NEPHROLOGY • TRANSPLANT
VIROLOGY • HIV • NEUROLOGY
EMERGENCY • ICU • LIFE SAVING
INFERTILITY • GYNECOLOGY
BLOOD PRODUCTS • ORTHO
RHEUMATOLOGY • VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ • અંક : ૩૦ • સળંગ અંક : ૧૦૬૮ • પ્રકાશિત તા-૨૯-૫-૨૦૨૫,ગુરુવાર • RNI : GUJGUJ/2004/16263 • GAMC NO. :1473/2014-16 • કિંમત ૧/-રૂા. • કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 • કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## દેશમાં કોરોનાથી ૧૨ના મોત, ૧૦૮૩ એક્ટિવ કેસ

નવી દિલ્હી : ભારતમાં જીવલેણ વાયરસ કોરોના ફરી ઉથલો મારવા લાગ્યો છે, દેશના ૨૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોનાના નવા કેસો સામે આવ્યા છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા આ વર્ષે પ્રથમ વખત એક હજારને પાર પહોંચી ગઈ છે. સૌથી વધુ કોરના કેસો કેરળ અને મહારાષ્ટ્રમાં નોંધાઈ રહ્યા છે, જ્યારે કોરોના વાયરસથી સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં થઈ છે. દેશના આ વર્ષે નોંધાયેલા કુલ કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧૦૮૩ પર પહોંચી ગયો છે.

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist

DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
- Type 1 & Type 2 Diabetes In People Of All Ages
- Diabetes Complications Management
- Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
- All Types Of Thyroid Disorders
- Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
- Pcos ( Polycystic Syndrome)
- Short Height And Pubertal Disorders In Children
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM

Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist

DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
Specialist in Skin and Hair Problems
- Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
- Pimples and Acne Treatment
- Pigmentation / Dark Spots
- Laser Hair Removal
- Anti-aging, Peels, Botox, Fillers
- Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
- Pediatric skin diseases
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
• મુગટ • ગાદી સેટ • પારણાં • સિંહાસન • મોરલી • કુંડળ
માતાજીનો શણગાર • ફેન્સી ચુંદડી • પવિત્રા • લેટેસ્ટ હાર • સ્પે. અત્તર
• સુગંધીદાર અગરબત્તી • ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)

ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
ગણેશ કન્યા વિદ્યાલય
મંગૂબા બાલવર્ગ
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
પ્રવેશ માટે સંપર્ક કરો
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
સંચાલકશ્રી ડો. અનિતાબેન પટેલ
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ

વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)

નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### નવરંગપુરામાં અપહરણ કરાયેલી બાળકીને ૭ ટીમો, ૭૦ પોલીસકર્મીઓ અને ૭૨ કલાકમાં શોધી

# અમદાવાદ પોલીસ કમિશનર જી એસ મલિક બન્યા પરિવારના દિલના માલિક..!!

## માતાપિતા માટે ચેતવણીરૂપ કિસ્સો ! નવરંગપુરામાં ૪ વર્ષની બાળકીનું અપહરણ, આરોપીની ધરપકડ

અમદાવાદ : અમદાવાદના નવરંગપુરામાંથી શનિવારે સાડા ચાર વર્ષની બાળકીનું અપહરણ થયું હતું. આ બાળકીના અપહરણ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અલગ-અલગ ૭ ટીમ બનાવી તપાસ શરૂ કરી હતી. અમદાવાદના અનેક સીસીટીવી ફૂટેજ તપાસ કરીને ૭૨ કલાકમાં બાળકીને શોધી કાઢી છે. આ બાળકીનું મહિલાએ જ અપહરણ કર્યું હતું. બાળકીની ઓળખ ન થાય તે માટે મહિલાએ બાળકીના વાળ કાપી દીધા હતા. મહિલાએ કબૂલાત કરી છે કે, તેને બાળક ન હોવાથી બાળકીનું અપહરણ કરીને લઈ ગઈ હતી.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, શહેરના નવરંગપુરાની ચાર વર્ષની બાળકીનું અપહરણ થયું હતું. અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિકના નિર્દેશ પર ચાર વર્ષની બાળકીના અપહરણની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. માસૂમ બાળકીને શોધવા માટે ક્રાઈમ બ્રાન્ચની સાત ટીમો બનાવવામાં આવી હતી. આમાં ૭૦ પોલીસકર્મીઓને ફરજ



સોંપવામાં આવી હતી. ૭૨ કલાકની મહેનત પછી ક્રાઈમ બ્રાન્ચે ચાર વર્ષની બાળકીના અપહરણનો ભેદ ઉકેલી નાખ્યો અને પોલીસે બાળકીને સુરક્ષિત રીતે બચાવી લીધી. અને પોલીસે ૭૨ કલાકમાં પરિવારમાં ખુશી પાછી લાવી.પોલીસના જણાવ્યા મુજબ, બાળકી મળી આવ્યા બાદ આ કેસમાં આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પરિવારને બાળકી મળી હોવાની માહિતી મળતાં જ તેઓ સ્થાનિક ધારાસભ્ય સાથે અમદાવાદ પોલીસ કમિશનર પાસે પહોંચ્યા અને તેમનો આભાર માન્યો. આ પ્રસંગે બાળકીના પરિવારની આંખોમાં આંસુ આવી ગયા. અમદાવાદની એલિસબ્રિજ વિધાનસભા બેઠકના ધારાસભ્ય અને ભૂતપૂર્વ શહેર પ્રમુખ અમિત શાહે પોલીસની કાર્યવાહીની પ્રશંસા કરી. અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિકે આ કેસ ઉકેલવા માટે ખાસ એવા પોલીસકર્મીઓને નિયુક્ત કર્યા હતા જેઓ આ સમગ્ર કેસને કેવી રીતે હેન્ડલ કરવો તે જાણતા હતા. અમદાવાદ પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લા ૯ મહિનામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૧૦૦ થી વધુ બાળકોને બચાવ્યા છે. આ સંદર્ભમાં ૪૮ થી વધુ ગુના નોંધાયા છે.

# અમદાવાદના 'મિની બાંગ્લાદેશ' ચંડોળા તળાવમાં આજે ફરી ડિમોલિશન હાથ ધરાયું

અમદાવાદ : અમદાવાદના મિની બાંગ્લાદેશ તરીકે ઓળખવામાં આવતા ચંડોળા તળાવમાં ફરી એકવાર ડિમોલિશનનું કામ શરૂ થયું છે. ચંડોળા તળાવમાં મળી આવેલા તમામ નાના-મોટા કાચાં બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા અને ૧૨,૦૦૦ થી વધુ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા, પરંતુ મંદિરો અને મસ્જિદો જેવા કેટલાક ધાર્મિક સ્થળો તોડી પાડવાના બાકી હતા. આજે વહેલી સવારથી તંત્ર અને પોલીસ દ્વારા ધાર્મિક સ્થળો પર બૂલડોઝર ફેરવવામાં આવ્યું હતું. આજે સવારથી ચંડોળા તળાવમાં દક્ષિણ ઝોન અને કોર્પોરેશનના અન્ય ઝોનના એસ્ટેટ વિભાગની ટીમે કડક પોલીસ સુરક્ષા વચ્ચે ગરીબ નવાબ મસ્જિદ, હનુમાન મંદિર અને અન્ય મંદિરો અને મસ્જિદો સહિત ૬ ધાર્મિક સ્થળો દૂર કર્યા છે. ઇસનપુર દશા માતા મંદિર નજીક તળાવના કેટલાક સ્થળોએ નાના કાચાં મકાનો પણ તોડી પાડવામાં આવ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.આ ઉપરાંત ઈસનપુર રોડ પર આવેલું જોગણી માતાનું મંદિર, દશામા મંદિર અને હનુમાન મંદિર દૂર કરવામાં આવ્યા છે.કુલ ૬ જેટલા ધાર્મિક દબાણો પર મનપાની કાર્યવાહી.અગાઉ ૩૪ જેટલા ધાર્મિક સ્થળો પર દબાણો દૂર કરાયા હતા. આ પહેલા, આ વિસ્તારમાંથી ૨ લાખ ચોરસ મીટર ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. આ બાંધકામો મોટાભાગે બાંગ્લાદેશી નાગરિકો દ્વારા કરવામાં આવ્યા હતા. પહેલા તબક્કામાં મોટા પાયે બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. બીજા તબક્કામાં અગાઉ ૩૪ ધાર્મિક સ્થળોને તોડી પાડવામાં આવ્યા હતા. આજે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં મોટા ધાર્મિક સ્થળોને તોડી પાડવામાં આવ્યા છે.

આ ખાસ કરીને, ચોકીદાર બાવની દરગાહ (શાહઆલમ પાસે), ગરીબ નવાજ મસ્જિદ (નાના ચાંડોળા પાસે), પાપામિયા શાહી દરગાહ, અને ઈશાનપુર રોડ પર આવેલા કેટલાક ગેરકાયદેસર મંદિરોને પણ તોડી પાડવામાં આવ્યા છે.

### અમદાવાદ રેલવે સ્ટેશનથી મેટ્રો સ્ટેશને જવા મુસાફરો ગોથે ચઢે છે

# લાખો મુસાફરો ૧થી૧૦ પ્લેટફોર્મ વચ્ચે અટવાય છે, રેલવેતંત્ર મુકપ્રેક્ષક

અમદાવાદ : અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૯થી૧૦૦ મીટર દુર મેટ્રો સ્ટેશન છે. નવાઈની વાત એ છેકે ૧થી૯ પ્લેટફોર્મ પર કયાંય પણ મેટ્રો સ્ટેશન જવાના સસ્તા વિશે દિશાનિર્દેશ સાઈનબોર્ડ લગાવવામાં આવ્યા ન હોવાથી હજારો મુસાફરો આમ-તેમ ફાંફે ચઢે છે. લગેજ સાથે પ્લેટફોર્મની સીડીઓ ચઢવી-ઉતરવી અને સ્ટેશન પરીસરની બહાર નીકળી જઈ મેટ્રો સ્ટેશનને શોધવાની કવાયત મુસાફરો માટે હાલાકીભરી છે. અમદાવાદ રેલવે સ્ટેશન તેના મુસાફરોને યોગ્ય દીશા નિર્દેશ આપવા જેવી પાયાની બાબતે પણ ગફલત ખાઈ રહયું છે. લાખો રૂપિયાનો પગાર મેળવતા રેલવેના અધિકારીઓ એસી કેબીનમાંથી બહાર નીકળતા જ નથી કે તેઓન ખબર પડે કે મુસાફરોને શું શું તકલીફો પડી રહી છે ? મુસાફરોની સુવિધા માટે શું નવું કરી શકાય અરે ડીઆરએમને મુસાફરો દ્વારા લેખીતમાં મુસાફરલક્ષી બાબતો અંગે ધ્યાન દોરવા છતાંય કોઈ પગલા લેવામાં આવતા નથી ! રોજની ૧૦૦થી વધુ ટ્રેનોની અવર-જવર છે. ૧૦ પ્લેટફોર્મ છે. લાખો મુસાફરો સ્ટેશન પરીસરમાં આવ-જા કરે છે. મેટ્રોની કનેકટીવીટીન કરી દેવાઈ હોવા છતાંય રેલવેના અધિકારીઓને હજુ સુધી સુઝયું નથી કે રેલવે સ્ટેશન વિવિધ પ્લેટફોર્મ પણ ઉતરેલા મુસાફરોને મેટ્રો સ્ટેશન તરફ જવા માટે તકલીફ ન પડે તે માટે સાઈનબોર્ડ મુકવા જોઈએ. મુસાફરો ગોથે ચઢીને પુછપરછ કરતાકરતા માંડ માંડ મેટ્રો સ્ટેશન સુધી પહોચતા હોય છે. મુસાફરોની આ હાલાકી દુર કરવા માટે અમદાવાદ ડીઆરએમને લેખીતમાં રજુઆત પણ કરવામાં આવી છે.

ઉત્તરાયણ નિમિત્તે ઉધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

### હાઉસિંગ બોર્ડની રીતિનીતિ અને સરકારની પોલીસીની ખામીઓને કારણે

# હાઉસિંગ રીડેવલપમન્ટની રફતાર ધીમી પડી, આગેવાનો નારાજ...!!

અમદાવાદ : ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ રીડેવલપમેન્ટ પોલીસીમાં ૨૦૧૬ પછી તાજેતરના છેલ્લાં કેટલાંક વર્ષોમાં આવેલી પ્રગતિ બાદ છેલ્લાં એક વર્ષમાં રફતાર ધીમી પડી હોવાનો સોસાયટીઓના અગ્રણીઓ અને આગેવાનો જણાવી રહ્યાં છે, જેના માટે અનેક પરિબળો જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે.

જેમાં મુખ્યત્વે હાઉસિંગ પોલીસીની અમલવારીમાં અનેક ખામીઓ, હાઉસિંગ બોર્ડની કાર્યપધ્ધતિ, હાઉસિંગના અધિકારીઓનું મનસ્વી વર્તન, અનેક સોસાયટીઓમાં હાઉસિંગ બોર્ડ અને ડેવલપરોની સાંઠગાંઠ સહિતના અનેક મુદ્દાઓનો સમાવેશ થાય છે.

એક આગેવાનના મત મુજબ, હાઉસિંગ બોર્ડ માત્ર ટેન્ડર પાડવાનું કામ કરતી હોય તેવું જણાય છે, એક વાર ટેન્ડર પ્રકાશિત કર્યા બાદ ડેવલપરને એલઓએ (વર્ક ઓર્ડર) અપાઈ ગયા બાદ બોર્ડની કામગીરી નિરસ થતી હોવાનો આરોપ લગાવી રહ્યા છે, તેઓના જણાવ્યા મુજબ, બોર્ડ ટેન્ડર-ટેન્ડર શરતો અને નિયમોનો બદલાવ કરી રહ્યા છે, એક સોસાયટીને ઘી કેળા તો બીજાને ભૂસું, જેવી નીતિઓને કારણે હાઉસિંગ સોસાયટીઓના રહીશો પરેશાન થઈ રહ્યા છે.

આ સિવાય અનેક સોસાયટીઓમાં ઈવીકશન પ્રક્રિયા મંદગતિએ કરાતી હોવાનો આગેવાનો આરોપ લગાવી રહ્યા છે, અનેક સોસાયટીઓમાં કોર્ટ કેસો થઈ રહ્યા છે, જયાં હાઉસિંગ બોર્ડની ભૂમિકા શંકાસ્પદ હોવાનું ડેવલપર અને રહીશો જણાવી રહ્યાં છે, અનેક મુદતો વીત્યા બાદ પણ હાઉસિંગ બોર્ડના વકિલ દ્વારા કેસોને લટકાવી રાખવામાં આવે છે ત્યારે રહીશો મકાન વગર પીડાય છે ત્યારે ડેવલપર સોસાયટીનો કબજો લીધા વગર ભાડુ ભરતો થઈ જાય છે.જેના કારણે રીડેવલપમેન્ટની પ્રક્રિયા ખોરંભે ચડે છે.

આ સિવાય એક જ રોડ પર અલગ અલગ સોસાયટીઓમાં નેગેટીવ પ્રિમિયમ અને પોઝીટીવ પ્રિમિયમ વચ્ચેના મોટા ખેલ વચ્ચે સામાન્ય રહીશો પીસાઈ રહ્યાં છે, અનેક સોસાયટીઓમાં ગીફટ મની, ફર્નીચર તરીકે મની અથવા સોનાની લગડી અપાઈ રહ્યા છે તો કયાંક ડેવલપરો દ્વારા બિલકુલ હાથ અધ્ધર કરી દેવામાં આવે છે, જેના કારણે એક જ રોડ પર આવેલી સોસાયટીઓમાં રહીશોમાં મતભેડ સર્જાય છે, આખરે સોસાયટીનું રીડેવલપમેન્ટનું કામ ખોરંભે ચડે છે.

અનેક સોસાયટીઓમાં ટેન્ડર પડયા પછી એલઓએ અપાયા બાદ કોઈ મુવમેન્ટ નથી, નાના મકાનોની સામે લોકો મોટુ બાંધકામ વાળું મકાન માંગી રહ્યા છે, ત્યારે ડેવલપર અને રહીશો વચ્ચે બ્રીજ બની બોર્ડ દ્વારા કોઈ વાટાઘાટો કરાતી નહી હોવાનો આરોપ લોકો લગાવી રહ્યા છે, આ સિવાય અનેક સોસાયટીઓમાં મોટા મોટા ગેરકાયદે મકાન તાણી બાંધેલા લોકો ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે, ત્યારે બોર્ડ દ્વારા આવી સોસાયટીમાં કોઈ નક્કર કામગીરી કર્યા સિવાય રીડેવલપમેન્ટની કામગીરી ફક્ત ડેવલપર અને રહીશો પર ઢોળી દેવામાં આવે છે.

આમ આવા અનેક મુદ્દાઓ, પોલીસીની ખામીઓ, અમલીકરણ અને હાઉસિંગ બોર્ડની રીતિનીતિઓને કારણએ માંડ પાટે ચડેલ રીડેવલપમેન્ટની ટ્રેન ફરી ટ્રેક પરથી ઉતરી જાય તો નવાઈ નહિ...

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

### હાઉસિંગ સોસાયટીઓમાં અસંમત સભ્યોના વિવિધ કોર્ટ કેસને લઈને

# રીડેવલપમેન્ટને વેગવંતુ બનાવવા હાર્ફ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

અમદાવાદ : હાઉસિંગ રીડેવલપમેન્ટને લઈને છેલ્લાં કેટલાંય સમયથી કાર્યરત હાઉસિંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશનના સભ્ય સંદિપ ત્રિવેદીએ મુખ્યમંત્રીની રજુઆત કરી છે કે રીડેવલપમેન્ટ વિષયે સમગ્ર ગુજરાતમાં નીચલી કે ઉપલી કોર્ટમાં જે પણ કેસો થયા હોય તેને એક જ કોર્ટમાં લાવી ફાસ્ટ ટ્રેક પર લાવવા અને ચોક્કસ સમય મર્યાદામાં તેનો નિકાલ થાય તેવી કાયદાકીય ગોઠવણ કરવી અને તે માટેના જરૂરી નોટિફિકેશન્સ કરવા રજુઆત કરવામાં આવી છે.

તેઓ વધુમાં જણાવે છે કે ગુજરાત રાજયમાં ફ્લેટ કે એપાર્ટમેન્ટ ટાઈપ જૂની સોસાયટીઓના રીડેવલપમેન્ટના કાર્ય થઈ રહ્યા છે. જે ગુજરાત ફ્લેટ ઓવનરશીપ એક્ટ ૧૯૭૩ તથા સુધારા કલમ ૪૧ તથા ૪૧(અ) અનુસાર થાય છે તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ એક્ટ ૧૯૬૧ સુધારા કલમ ૬૦ તથા ૬૦(અ) મુજબ કાર્યવાહી થાય છે. આવી રીતે એની સરકારી નિગમો કે સ્વાયત સંસ્થાઓ કે ખાનગી સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ થતું હશે. જેમાં કાયદા દ્વારા ૧૦૦% લોકોને સમાવવાનો પ્રયત્ન થયેલ છે અને જેમાં ઓછામાં ઓછા ૭૫% સભ્યોની સંમતિ રીડેવલપમેન્ટ માટે સકારાત્મક હોવી જોઈએ તો કાયદો અમલમાં લાવી શકાય. પરંતુ બાકીના ૨૫% સુધીના સભ્યો કાયદા દ્વારા મળેલ છૂટ બંધારણની અન્ય કલમોનો ઉપયોગ કરી ૭૫% થી વધુ લોકો દ્વારા કરાયેલ રીડેવલપમેન્ટ પ્રક્રિયાને લટકાવવા કે અટકાવવાનો પ્રયાસ દરેક સોસાયટીમાં થાય છે. ક્યારેક તો એવું થાય છે કે એ ૨૫% સુધીના લોકો બહુમત ૭૫% લોકો કે બનેલ કાયદા પર હાવી થઈ જાય છે અને કાયદાનું પાલન કરાવતા ઘણો સમય પસાર થઈ જાય છે.

નામદાર કોર્ટના સારા સકારાત્મક ચુકાદા પણ આવી ગયા છે તેમ છતાં દરેક સોસાયટીમાંથી અસંમત સભ્યો આ જ અને એક ના એક મુદ્દા પર કોર્ટનો દરવાજો વારંવાર ખટખટાવે છે. ક્યારેક કોઈ સાચે મુદ્દે હોય શકે પણ મોટે ભાગે વ્યક્તિગત લાલચ, સ્વાર્થ, અહમ કે અન્ય લાભ માટે ખોટા કોર્ટ કેસ રીડેવલપમેન્ટ મુદ્દે કરાઈ રહ્યો છે.

તેઓ વધુમાં જણાવે છે કે કોર્ટ કેસ મામલે સકારત્મક બહુમત સભ્યો વતી આપને વિનંતી છે કે રીડેવલપમેન્ટ વિષયે સમગ્ર ગુજરાતમાં નીચલી કે ઉપલી કોર્ટમાં જે પણ કેસો થયા હોય તેને એક જ કોર્ટમાં લાવી ફાસ્ટ ટ્રેક પર લાવવા અને ચોક્કસ સમય મર્યાદામાં તેનો નિકાલ થાય તેવી કાયદાકીય ગોઠવણ કરવી અને તે માટેના જરૂરી નોટિફિકેશન્સ કરવા. વધુમાં જો આવા કેસમાં અસંમત સભ્યોના કોર્ટે કેસ કરવા પાછળના તેમના ઈરાદાઓ ખોટા હોય તો તેવા કેસમાં આકરો નાણાકીય દંડ પણ કરી યોગ્ય દાખલા બેસાડવા જોઈએ જેથી અન્ય લોકો ખોટા કેસો કરતા અનેક વાર વિચારે.

આવા નિર્ણયોથી રીડેવલપમેન્ટ વિષયે પ્રોજેક્ટો ગતિમાન થશે, પબ્લીકને સારું નવીન ઘર સમયસર મળી રહેશે. સરકારનું સામાજિક અને શહેરી વિકાસનું સપનું સફળ થશે, તેમજ બહુમત સભ્યોમાં કાયદા પરનો વિશ્વાસ દ્રઢ થશે અને નકારાત્મક લોકોમાં કાયદાનો ડર પણ રહેશે. અને રીડેવલપમેન્ટની પ્રક્રિયાને વેગ મળશે...

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

# અમદાવાદમાં પ્રેમસંબંધ રાખવાની ના પાડનાર પરીણિતાની ઘરમાં ઘૂસી છરીના ઘા મારી કરી હત્યા

અમદાવાદ : અમદાવાદના પૂર્વ વિસ્તારમાં હત્યાની ઘટના બની છે. પ્રેમ સંબંધમાં યુવકે પરિણીત પ્રેમિકાના ઘરમાં ઘૂસી તેની હત્યા કરી છે. મૃતક મહિલા પોતાના પતિ, સાસુ અને દીકરી સાથે લગ્ન જીવન પસાર કરી રહી હતી. ત્યારે આ મહિલાને તેના પ્રેમિએ મોતને ઘાટ ઉતારી દીધી છે. સમગ્ર ઘટનાને લઈને આસપાસના લોકોમાં ડરનો માહોલ સર્જાયો હતો. મહિલાના પતિએ સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરાવી છે. પોલીસે હાલ બંને આરોપીની અટકાયત કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદના વસ્ત્રાલમાં હર ભોળેનાથ સોસાયટીમાં મંગળવારે અશોક પટેલ નામના વ્યક્તિએ અંકિતા પ્રજાપતિ નામની મહિલાની તેના જ ઘરમાં ઘૂસી છરીના ઘા મારી હત્યા કરી દીધી હતી. સમગ્ર મામલે પોલીસને જાણ થતાં પોલીસે પરિવારજનોની પૂછપરછ હાથ ધરી હતી. જેમાં જાણવા મળ્યું કે, મૃતક મહિલાનો આરોપી અશોક પટેલ સાથે પ્રેમસંબંધ હતો. જેના કારણે બંનેના પરિવાર વચ્ચે પણ અગાઉ માથાકૂટ થયેલી હતી. ત્યારબાદ અચાનક મંગળવારે અશોક પટેલ અને તેમની સાથે એક વ્યક્તિ અંકિતા પ્રજાપતિના ઘરે આવી તેમને છરીના ઘા મારી તેમની હત્યા નિપજાવે છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ૨૭મી મે ૨૦૨૫ ના રોજ ફરિયાદી તેઓના ગેરેજ પર હતા, તે સમયે સાંજના પોણા છ વાગે તેઓની પત્ની અંકિતાનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું કે અશોક પટેલ તેને ફોન કરી મળવા બોલાવે છે અને તેણે ના પાડતા તે ઘરની બહાર બાઈક લઈને આંટા મારે છે. જેથી તેણે દીકરી સાથે પતિની દુકાને આવવાનું કહેતા તેના પતિએ ના પાડતા તે પોતે ઘરે આવે છે તેવું જણાવ્યું હતું. જોકે થોડાક સમય બાદ તેઓની સોસાયટીમાંથી બાજુમાં રહેતા વ્યક્તિએ અને તેઓની દીકરીએ ફોન કરી અશોક પટેલે અંકિતાને છરી મારી છે, તેવું કહેતા તે પોતાના ઘરે પહોંચ્યા હતા અને જ્યાં તેની પત્ની મૃત હાલતમાં જોવા મળી હતી. અશોક પટેલે તેને આંતરડા બહાર આવી જાય ત્યાં સુધી છરીઓ મારી હતી.

ફરિયાદીની માતા સાંજના સમયે ઘરે હાજર હતા, તે સમયે અશોક પટેલ અચાનક તેઓના ઘરે આવ્યો હતો અને યુવતી ઘરમાં રસોઈ કરતી હતી, તે દરમિયાન તેણે રસોડામાં જઈને તેની સાથે ઝઘડો કર્યો હતો અને અચાનક જ પોતાની પાસે રહેલા ચપ્પાથી ઉપરાછાપરી ઘા માર્યા હતા. જેના કારણે અંકિતાને ઈજાઓ તથા તેની નીચે બેસી ગઈ હતી અને અશોક પટેલ પોતાના મિત્ર સાથે બાઈક પર બેસી ફરાર થઈ ગયો હતો. આ મામલે રામોલ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી અશોક પટેલ અને તેના મિત્ર સન્ની સુરેશભાઈ પટેલની ધરપકડ કરી છે. જોકે હવે આરોપીની તપાસમાં હત્યા પાછળનું કારણ શું છે તે સામે આવશે.

# કેમ્પ હનુમાન મંદિરના નામ પાછળનો શું છે ઈતિહાસ, જાણો સમસ્ત વાર્તા

કેમ્પ હનુમાન મંદિર, અમદાવાદના શાહિબાગ વિસ્તારમાં સ્થિત છે અને ભારતના સૌથી મોટા હનુમાન મંદિરોમાંનું એક માનવામાં આવે છે શાહિબાગના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલું આ મંદિર ભક્તો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે.કેમ્પ હનુમાન મંદિરની સ્થાપના ૧૦૦ વર્ષ પહેલાં શ્રી પંડિત ગજાનન પ્રસાદ દ્વારા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.અહીં પ્રતિષ્ઠિત હનુમાનજીની પ્રતિમા લગભગ ૩૫૦ વર્ષ જૂની હોવાનું માનવામાં આવે છે. મંદિરના પ્રથમ મુખ્ય મહંત પંડિત દ્વારકા પ્રસાદ તરીકે ઓળખાતા હતા, જેમણે આ સ્થાનના ધાર્મિક કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. અંગ્રેજ શાસનકાળ દરમિયાન આજનું કેમ્પ હનુમાન મંદિર "જલાલપુરા ગામના હનુમાન મંદિર" તરીકે ઓળખાતું હતું.મંદિર દ્રવિડિયન શૈલીમાં નિર્મિત છે અને અંદરના ગર્ભગૃહમાં સોનાથી મઢાયેલ હનુમાનજીની મૂર્તિ છે. મંદિરની દિવાલો પર ભગવાન રામના નામો લખેલા છે, જે ભક્તોને આધ્યાત્મિક શાંતિ અને શક્તિનો અનુભવ કરાવે છે.એ સમયગાળામાં હનુમાનજીનું પ્રાચીન મંદિર ત્યાં હાજર હતું. નજીકમાં એક અંગ્રેજ અધિકારી કાર્યરત હતો, જેને મંદિરના સ્થાનને લઈ પ્રશ્ન ઊઠાવ્યો. તેણે પૂજારીઓને સૂચન કર્યું કે મંદિરને બીજી જગ્યાએ ખસેડવું જોઈએ.પરંતુ ભક્તો અને પૂજારીઓએ આ વાતનો ભારે વિરોધ કર્યો. ત્યારબાદ બ્રિટિશ અધિકારીએ આસપાસના કેટલાક નાના મંદિરો અને ચાર હોટલો તોડી નાખવાનો આદેશ આપ્યો. જ્યારે હનુમાનજીના મંદિરે ધ્વંસ કરવાનો પ્રયાસ થયો, ત્યારે હજારો ભક્તોએ પીળા અને કાળા કપડાં પહેરી મંદિરની આસપાસ માનવીય શૃંખલા બનાવી અને રક્ષણ માટે ઊભા રહ્યા.

બ્રિટિશ અધિકારીએ મજૂરો મોકલ્યા, પરંતુ ત્યારે એક ઘટના બની. અનેક ભમરીઓ (મધમાખીઓ)ના ઝુંડ ઊડી આવ્યું અને મજૂરો પર જ હુમલો કર્યો, જ્યારે અન્ય કોઈને નુકસાન ન થયું. આ દ્રશ્ય જોઈને બ્રિટિશ અધિકારી આઘાતમાં આવ્યો અને આ ઘટનાને ચમત્કારરૂપ માનતા મંદિર હટાવવાનો વિચાર છોડવો પડ્યો. તેમણે આખરે માની લીધું કે મંદિર હવે ત્યાં જ રહેશે.આ મંદિર તેની ધાર્મિક પાવનતાને કારણે જાણીતું છે અને ભક્તો માને છે કે અહીંની આરાધનાથી તેમને આત્મિક શક્તિ, સુરક્ષા અને જીવન માર્ગદર્શન મળે છે. કેમ્પ વિસ્તારમાં સ્થિત હોવાથી આ મંદિર સૈનિકો અને લશ્કરી કર્મચારીઓ સાથે અત્યંત નજીકનો સંબંધ રહ્યો છે.

( આ માહિતી વિવિધ ઐતિહાસિક તથ્યો અને સંશોધનો પર આધારિત છે. વિગતવાર માહિતી માટે, ઈતિહાસના પ્રમાણભૂત ગ્રંથો અને સંશોધનોનો અભ્યાસ કરવો ઉચિત રહેશે.)

### ૧૫મી જુનથી પ્રોજેક્ટની જાહેરાત બાબતે નવા નિયમો લાગુ

# બિલ્ડરોને પ્રોજેક્ટની જાહેરાતમાં રેરા નંબર, કયુઆર કોડ, યુઆરએલ સ્પષ્ટ રીતે દર્શાવવા આદેશ

ગાંધીનગર : રાજ્યમાં બિલ્ડરો પ્રમોટરો તેમના રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટની કોઈપણ મીડીયામાં થતી જાહેરાતોમાં રેરા રજીસ્ટ્રેશન નંબર યોગ્ય રીતે પ્રિન્ટમાં કે ઓડીયોવીઝયુઅલમાં રજુ કરતા ના હોઈ રેરાને આઅદેશ બહાર પાડવો પડયો છે. જેનો અમલ ૧૫મી જુન ૨૦૨૫થી ચુસ્તપણે કરવો ફરજીયાત છે. બિલ્ડરો-પ્રમોટરોએ તેમના પ્રોજેકટ બાબત કોઈપણ માધ્યમથી થતી જાહેરાતોમાં પ્રોજેક્ટનો યુનીક રેરા રજીસ્ટ્રેશન નંબર રેરા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટમાં દર્શાવેલો કયુઆર કોડ તથા રેરો વેબસાઈટની યુઆરએલ અચુક દર્શાવવાના રહેશે. પ્રિન્ટ કે ઈલેકટ્રોનીક માધ્યમથી કરવામાં આવતી જાહેરાતોમાં પ્રોજેકટ રજીસ્ટ્રેશન નંબર તથા વેબસાઈટ સરળતાથી વાંચી શકાય તે હેતુથી કોન્ટેકટ ડીટેઈલ જેટલા કે તેથી મોટા ફોન્ટ સાઈઝમાં દર્શાવવાના રહેશે. રેરા સંબંધીત વિગતો માટેદરેક જાહેરાતમાં કયુઆર કોડનો અલગ બનાવવાનો રહેશે. આ બ્લોકની સાઈઝ લખાણ સરળતાથી વાંચી શકાય અને કયુઆર કોડ સ્કેન કરી શકાય તેટલી રાખવાની રહેશે. આ કયુઆર કોડના બ્લોકનું સ્થાન કોઈપણ જાહેરાતમાં જમણી બાજુએ ઉપરના ખુણામાં રાખવાનું રહેશે. જાહેરારતમાં જો એક કરતાં વધુ પાના હોય તો તેના પ્રથમ પાને જમણી બાજુએ ઉપરના ખુણે કોડ દર્શાવવાનો રહેશે. તમામ પ્રકારના સોશીયલ મીડીયા પ્રસિદ્ધ કરાતી જાહેરાતમાં અંતે બ્લોકનું સ્થાન સંપૂર્ણ સ્કીન કવર થાય તે રીતે ઓછામાં ઓછી ૩ સેકન્ડ સુધી દર્શાવવાની રહેશે. એલોટીને આપવામાં આવતા પ્રોસ્પેકટસ બ્રોશર બુકીગ ફોર્મ તથા એલોટમેન્ટ લેટરમાં રેગ સંબંધીત વીગતો દશાવતો બ્લોક જમણી બાજુએ ઉપરના ખુણામાં દર્શાવવાનો રહેશે. ઓડીયો જાહેરાતમાં ફકત રેરા યુનીક રજીસટ્રેશન નંબર બોલવાનો રહેશે. કોઈપણ દસ્તાવેજી આધારોમાં સમગ્ર રજીસ્ટ્રેશન નંબરનો જ ઉપયોગ કરવાનો રહેશે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

nted at Shree C
lished from D-2
ditor - BHARGA

